

# નાથદ્વારામાં શ્રીનાથજી તો છે, પણ બીજુંય ઘણું છે હોં!

## ટ્રાવેલ-લોગ

અગિયારમી સદીથી ભારત દેશ પર મુસ્લિમોના આક્રમણ શરૂ થયા અને ધીરે ધીરે હિન્દુપ્રજો મુસલમાન રાજયોના અંકુશ હેઠળ આવી. ધીમે ધીમે હિન્દુ ધર્મ તથા સંસ્કૃતિને બચાવવા મરણિયા પ્રયાસ કર્યા જેને પરિણામે સમાજમાં ઘણા વિધવિધ ધર્મ પંથ પ્રચલિત બન્યા તેમાંનો એક પંથ આજે પણ ગુજરાત - રાજસ્થાન તથા ઉત્તરપ્રદેશ, બંગાળ વગેરે જગ્યાએ અસ્તિત્વ ધરાવે છે તે પુષ્ટિમાર્ગ, શ્રીમદ્ વલ્લભાચાર્ય મંદિરમાં શિખરની જગ્યાએ હવેલી જેવો એટલે કે સાદા ઘર જેવી જગ્યામાં ભગવાન શ્રી કૃષ્ણના બાળરૂપની પૂજા - આરાધના શરૂ કરી અને જેને પરિણામે આજે ઘરે ઘરે બાલ કનૈયાના લાડ-લડાવાય છે આજનું આપણું ડેસ્ટિનેશન પુષ્ટિમાર્ગનો ગઢ તેવું શ્રી નાથદ્વારા કે શ્રીનાથજી.

રાજસ્થાનની અરવલ્લી ટેકરીઓ પર ઉદયપુરથી અડતાલીસ કી.મી.ના અંતરે બનાસ સરિતાને કાંઠે આવેલુ નાથદ્વારા તેના મુખ્ય 'શ્રીનાથજી'ના મંદિરના કારણે પ્રખ્યાત છે. આ મંદિરની સ્થાપના ૧૬૭૨માં કરવામાં આવી હતી. મૂળ મથુરા નજીક ગોવર્ધન પર્વત પર આવેલી બાદ લાલાની સાત વર્ષની ઉંમરની મૂર્તિની અહીં સ્થાપના કરવામાં આવી હતી. ઔરંગઝેબના ધર્મઝનુનને કારણે એવી પરિસ્થિતિ આવી પડી હતી કે બાલ કૃષ્ણની મૂર્તિને કશે સુરક્ષિત જગ્યા પર રાખવી જરૂરી બન્યું હતું. તેથી ગોવર્ધન પર્વત પરથી મૂર્તિને બળદગાડામાં લાવવામાં આવી રહી હતી ત્યારે અરવલ્લીની પર્વતમાળા ચચ્ચે સિહદ ગામ પાસે ગાડુ કાદવમાં ખૂપી ગયું અને તસુ પણ આગળ ના વધ્યું ત્યારે ભક્તોને અહેસાસ થયો કે ઈશ્વરે જ આ જગ્યા તેમના માટે પસંદ કરી છે અને તે જગ્યા પર મંદિર બનાવવામાં આવ્યું. આ ગામને મેવાડના મહારાણા રાજસિંઘે સુરક્ષા પુરી પાડી અને તે 'શ્રીનાથજીની હવેલી' તે રીતે પ્રખ્યાત થયું.

મંદિરની શૈલી નંદ મહારાજના વૃંદાવનના ઘર જેવી છે. તેથી તે નંદનવન કે નંદાલય તરીકે પણ ઓળખાય છે. મંદિરના શિખર પર કળશ છે. તેમજ સાત ધ્વજ સાથે સુંદર્શન ચક્ર પણ શોભામાં અભિવૃધ્ધિ કરે છે. શ્રીનાથજીનું ઘર એટલે શ્રીનાથજીની હવેલી તે રીતે પણ ભક્તો બોલે છે. નાથ દ્વારાનો મતલબ 'ગેટ વે ઓફ શ્રીનાથજી' પણ થાય છે. આ ઘરમાં એક દૂધઘર, પાનઘર, મીઠાઇ ઘર, મિશ્રી અને પેડા ઘર, ફુલહાર, રસોઇ ઘર, ગેહનાઘર, ખર્ચા ભંડાર, અશ્વ/ગૌશાળા, બેઠક (ડ્રોઇંગરૂમ) અને સોના ચાંદીની ઘંટી તથા તેલ - ઘીના કૂવા છે.

આ સિવાય મુખ્ય મંદિર પરિસરમાં મદન મોહન તેમજ નવનીત પ્રિયાજીના મંદિરો પણ આવેલા છે.

શ્રીનાથજીની મૂર્તિ ગોવર્ધન પર્વત ઉઠાવતા હોય તેવી મુદ્રામાં છે ભગવાનનો ડાબો હાથ ઊંચો છે અને જમણો હાથ કમર પર છે. દાઢી પર મોટો હીરો ચમકે છે. આ સોહામણી મૂર્તિ કળા આરસ પર બની છે. સાથે બે ગાય, એક સિંહ, એક સાપ, બે મોર, અને એક પોપટ પણ કોતરવામાં આવ્યા છે. તથા ત્રણ ભક્ત પણ છે.

હોળી અને દીવાળી પર અહીં મોટા ઉત્સવ ઉજવાય છે. શ્રીનાથજીની પૂજા જીવંત વ્યક્તિ તરીકે થાય છે. દિવસની રોજિંદી ક્રિયા મુજબ ભગવાનને પણ તે બધી ક્રિયાઓ કરવામાં આવે છે. જેમ કે સ્નાન, શ્રૃંગાર, ભોગ, ખેલ વગેરે અને તેજ પ્રમાણે આઠ વાર દર્શન થાય છે. ભગવાનનું આ બાળરૂપ છે એટલે નાના બાળક જેટલી જ તેની કાળજી લેવામાં આવે છે. અને આ બાળરૂપની પૂજા શ્રીમદ્ વલ્લભાચાર્યના વંશજો જ કરી શકે છે. આ દર્શનનું મુખ્ય આકર્ષણ આરતી અને શ્રૃંગાર હોય છે. ભગવાનના વસ્ત્રો ઋતુ પ્રમાણે બદલાય છે. તેમજ દર્શનનો સમય પણ ઋતુચક્ર પર નિર્ભર રહે છે. સવારે પહેલા (મંગળાના) તથા આરતી સમયે દર્શનના સમયે ઢોલ નગારા વગાડાય છે. તથા વ્રજભાષામાં (હવેલી) કીર્તન થાય છે. શ્રીનાથજીની પૂજા દેશવિદેશમાં પણ થાય છે. જેમ કે પાકિસ્તાનમાં દેરા ગાઝી ખાતે પણ હવેલી બનાવી છે. તો રશિયામાં વોલ્ગા પ્રદેશમાં આ સ્વરૂપની પૂજાઅર્ચના થાય છે. સેન્ટ્રલ એશિયામાં લગભગ બધા જ દેશમાં જયાં ભારતીય વાણિયા વસે છે ત્યાં શ્રીનાથજી પૂજાય છે.

નાથદ્વારામાં મંદિર મુખ્ય આકર્ષણ છે. પણ તેને લગતી ઘણી કલા - કારીગરી અહીં વીકસી છે. જેમ કે હાથે બનાવેલ શ્રીનાથજીના પેન્ટીંગ, પિછવાઇ, ચાંદીના ઘરેણા, ટેરા કોટાના શિલ્પો, તેમજ દૂધની મીઠાઇઓ હોળી અને જન્માષ્ટમી ઉપરાંત અન્નકુટનું પણ અનેરૂં મહત્વ છે.

નાથદ્વારાથી ત્રીસ કીલોમીટરના અંતરે છે કોકરોલી. કાંકરોલીમાં રાજસમંદ તળાવ રાજા રાયસિંહે બાંધ્યું હતું અને તેના કિનારે દ્વારકાધિશ પ્રભુની વિશાળ હવેલી છે. અહીં પણ ભગવાન કૃષ્ણના એક રૂપ એટલે દ્વારકાધિશ સ્વરૂપની પૂજા-અર્ચના થાય છે. અહીં દિવાળીના બીજા દિવસે વિશાળ અન્નકૂટ ધરાય છે. તેમજ ગણગૌર તથા જલદુજુલનીના ઉત્સવો પણ માણવા લાયક. ઉદયપુરથી ૬૪ કી.મી.ના અંતરે બીજુ એક ઐતિહાસિક સ્થળ છે. 'હલ્દી ઘાટી'. અહીં મહારાણા પ્રતાપ અને મોગલ રાજા અકબર વચ્ચે વિખ્યાત લડાઇ થઇ હતી. આ આખી ઘાટીની માટીનો રંગ પીળો છે. એટલે તે 'હલ્દીઘાટી' થી ઓળખાય છે. આ હલ્દીઘાટીમાં મહારાણા પ્રતાપના ઘોડા 'ચેતક'ની કબર આવેલી છે. અકબર સામેની જીવસટોસટની લડાઈમાં ચેતકે પોતાના માલિક મહારાણા પ્રતાપનો જીવ બચાવ્યો હતો. અને ઝરણું કૂદી અહીં આખરી શ્વાસ લીધા હતા. આ આખા પ્રદેશમાં દેશી ગુલાબ પુષ્કળ થાય છે. અહીંનું ગુલકંદ તથા ગુલાબજળ દુનિયાભરમાં મશહુર છે. અહીં વિપુલ પ્રમાણમાં ગુલાબની ખેતી થાય છે. તેથી તે રાજસ્થાનનું 'ટેમ્પરેચર કંટ્રોલર' તરીકે પણ ઓળખાય છે.

નાથદ્વારા ટૂરિસ્ટ પ્લેસ છે. વળી ધાર્મિક સ્થળ તેથી અહીં વર્ષના બધા જ દિવસોમાં ભીડ હોય છે. છતાં ખાસ તિથિઓ જેવી કે અગિયારસ, પૂનમ વગેરે, તહેવારો હોળી, દીવાળી, શરદ પૂર્ણિમા, વગેરેમાં પુષ્કળ ગીર્દી થાય છે. છતાં ઠાકોરજીના દર્શન કરવા જ હોય તો ગમે ત્યારે ઝંપલાવી શકાય. અહીં બધાંજ પ્રકારનું ફુડ મળી રહે છે. જેમ કે ગુજરાતી-રાજસ્થાની ગનેરે તથા બમ્બૈયા પાંઉભાજી પણ ખરી અને મદ્રાસી ઈડલી-ઢોંસા પણ મળે પરંતુ ખાસ ખાવા જેવી વસ્તુ ઈમરતી તથા રબડી તેમજ માફક આવતી હોય તો પથ્થર પર લસોટીને તૈયાર કરવામાં આવતી ભાંગ. અહીંના તળેલા રતાળું પણ ખૂબ જ વખણાય છે.

**જય શ્રીનાથજી**

travelogue@gujaratmitra.in

## મેસેજ બોક્સ

**એક દોસ્ત દૂસરે દોસ્ત સે**
જો હો સકે તો નવાઝ દો,
મેરી સુબહ કો નિખાર દો,
મેરે દુ:ખકો કરાર દો!
યે ના હો શકે તો યું કરો
મુજે અપની ગર્લફ્રેન્ડ ઉધાર દો!

●●●

એક દીકરો પોતાની મમ્મીને કહી રહ્યો હતો, 'આ પડોશીની છોકરીને અંગ્રેજી નથી આવડતું.'

મા: 'તને કેવી રીતે ખબર પડી?'

પુત્ર: મેં કહ્યું, 'ગીવ મી સ્વીટ કીસ'
તો તેણે બે થપ્પડ મારી.

●●●

એક મૂર્ગી સુપરમાર્કેટ ગઇ ઔર કહા: 'એક અંડા દેના.'

સેલ્સમેન: 'તુમ અંડા? ક્યાં કરોગી?'

મૂર્ગી: 'ક્યોંકિ મૂર્ગેને બોલા હે ડાર્લિંગ! પાંચ રૂપિયે કે લીયે અપના ફીગર ખરાબ મત કરો.'

●●●

**Side effect of studying too much**

A guy went to Restaurant. He wanted to see the menu but he forgot what it is called: He asked waiter, "Syllabus lana Zara...

●●●

પ્રોફેસર સ્ટુડન્ટને:

'રોજ તું નીચું જોઈને મને સાંભળે છે. આજે તને શું થઇ ગયું છે. તે આમ તેમ ડફરિયા મારે છે?'

સ્ટુડન્ટ: 'સર, આજે મારું એસ.એમ.એસ. પેકેજ પૂરું થઇ ગયું છે.

●●●

Peter was telling a friend that he had just lost his job.

"Why did the Boss fire you?" friend asked. "oh" peter said, "you know how Bosses are. Thay stand around with their hands in their pockets watching everybody else work." "We all know that," Replied his friend. "But why did he let you go?"

"Jealousy," answered Peter. "All the other workers thought I was the Boss."

●●●

SMS ko SMS se SMS us SMS ko Milaya, SMS ko SMS ne SMS ko us ne SMS ko Bataya, To SMS ki SMS jis SMS ko dikhaya Ab bata Apne SMS ko SMS ne SMS me kya dikhaya.

●●●

ના ઈશ્ક, ના પ્યાર
ના મહોબ્બત યારો,
દેવદાસ કી માફિક જાન,
મત દો યારોં,
અપના તો એક અસુલ હૈ યારો,
ના ચંદ્રમુખી, ના પારો
જો દીખે ઉસી પે લાઇન મારો.

●●●

કાશ યે ફાસલેં ન હોતે
કાશ યે દૂરિયાં ના હોતી
કાશ હમ સાથ હોતે
તો... તો.... તો....
યાર મેરે એસ.એમ.એસ. કે પૈસે બચ જાતે!

●●●

What is "143."
I Love you?
No!
I Like you?
No!
I Miss you?
No!
"143" means One Hundred and Forty Three...

મા-બાપને કીતની ઉમ્મીદ સે પઢાયા થા નાલાયકો...!!!

●●●

ત્રણ વાક્યોથી તમારો મુડ તદ્દન જ બદલાઇ જાય:
એક: આઇ લવ યુ!
બીજું: આઇ હેઇટ યુ!
અને ત્રીજું છે, 'ફેસબુક લોગઇન એરર!
બાય ગોડ આગ લગ જાતી હૈ!

●●●

સરદારને એફ.અમ. રેડિયો પર કોલ કિયા:-

મુઝે એક વોલેટ મિલા હૈ. ઉસમેં ૧૫૦૦૦ રૂપિયે હૈ ઔર મિ. શ્યામ ગુપ્તા કા આઈડેન્ટીટી કાર્ડ હૈ...

રેડિયો જોકી: સર, આપ વોલેટ લૌટાના ચાહતે હૈ?

સરદાર: નહીં રે પાગલ, ચલા દે બેચારે કે લિયે કોઈ સેડ સોંગ...

●●●

Height of creativity: I've saved my Girl friends number as "Battery Low", so, whenever she calls and if I am not around, my wife plugs my phone for charging.

●●●

પતિ ટી.વી. સામે બેસી રડી રહ્યો હતો.

પત્ની: તમે કોઇ સીરિયલ જોઇ રહ્યા છો કે આટલું બધું રડો છો?

પતિ: આ સીરિયલ નથી આપણા લગ્નની ડીવીડી છે.

●●●

જબ મિલો કિસી સે તો જરા દૂર કા રિશ્તા રખના, મેને દેખા હૈ અકસર જાન લે લેતે હૈ સીને સે લગનેવાલે.